ૐ

શ્રી રામચંદ્રાયનમ:

શ્રી સદ્ગુરૂચરણ કમલેભ્યો નમઃ

મૂકં કરોતિ વાચાલં, પંગું લંઘયતે ગિરિમ્ ।
યત્કૃપાતમહં વંદે, પરમાનંદ માધવમ્ ॥

શ્રી

ભક્તિરસ બિંદુ

શ્રી સદ્ધર્મ સુબોધક સ્ત્રી મંડળ તરફથી
સંગ્રહીત કરી છપાવનાર

ભાણીબાઈ ગીગાભાઈ

પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૬ સને ૧૯૧૦

મુંબઈ.

ભુલેશ્વર પ્રેસ. પ્રીંટર સખારામ ગુણાજી.

શ્રી પરમાત્મને નમઃ

સ્તુતિ.

યં બ્રહ્મા વરૂણેંદ્ર રૂદ્ર મરૂતઃ સ્તુન્વંતિ દિવ્યૈઃ સ્તવૈ
વેંદૈઃ સાંગપદ ક્રમોપ નિષદૈર્ગાયન્તિ યં સામગાઃ
ધ્યાનાવસ્થિત તદ્દગતે નમનસા પ્રશ્યંતિયં યોગોગિનો;
યસ્યાંતં ન વિદુઃસુરા સુરાગણ દેવાય તસ્મૈ નમઃ

(શ્રીભગવદ્ગીતા)

॥ અથ ચતુશ્લોકી ॥

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ॥
સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ કવાડપિ કદાચન ॥૧॥
એવં સદા સ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ॥
પ્રભુઃસર્વસમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્ ॥ ૨ ॥
યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ॥
તતઃકિમપરં બ્રૂહિ લૌકિકૈર્વૈદિકૈરપિ ॥ ૩ ॥
અતઃ સર્વાત્મના શશ્વદ્ગો‍ઃ કુલેશ્વરપાદયોઃ ॥
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ ॥ ૪ ॥

રાગ—બનજારા.

જયજય પ્રભુ જન હીતકારી, સીતાપતી અવધ વીહારી; ટેક.

જયજય મુનીજન મનરંજન, જય શીવ સરાસન ભંજન;
ખળદળ ગંજન ભયહારી, સીતાપતી અવધ વીહારી. ૧

જય જય હરી દશરથ નંદન, આનંદનીધી જગવંદન;
જય અગુણ સગુણ અવિકારી, સીતાપતી અવધ વીહારી. ૨

જયજય વીભુ વીશ્વવિલાસી, નીરલેપ અકળ અવીનાસી;
અખીલેશ અનંત મુરારી, સીતાપતી અવધ વીહારી. ૩

જયજય પંકજદળ લોચન, કરૂણા ઉદધીભવ મોચન;
સર્વજ્ઞ અજર અવતારી, સીતાપતી અવધ વીહારી. ૪

ષડ શત્રુને હણનારા, ભકતાધીન ભગવત પ્યારા;
રઘુવંશમણી અસુરારી, સીતાપતી અવધ વીહારી. ૫

તવ ગુણ ગાવા શુભવાણી, આપો શ્રી સારંગપાણી;
વળી આપો મતી અતીસારી, સીતાપતી અવધ વીહારી. ૬

હરી આપ પદાંબુજ માંહ, ચોંટે મમચીત્ત રઘુરાઇ;
થાયે વૃત્તિઓ સ્થિરમારી, સીતાપતી અવધ વીહારી. ૭

અન પાવની ભક્તિ આપો, ભૂધર ભવ બંધન કાપો;
ભાણીની અરજ સ્વીકારી, સીતાપતી અવધ વીહારી. ૮

। સોરઠ ।

સોંપું છું તમને તનમન, ગુરૂદેવ સુધારશોરે;
અરજી સેવકની આ જગનાથ સ્વીકાર શોરે.—ટેક
યત્ન કરૂં છું કોડત થાપિ, નથી સુધરતા જરીએ પાપી;
આપું છું શ્રમ તેથી, રોષ ન ધાર શોરે.—સોંપુ છું
મદનાદિક નિજ યુકિત ચલાવી, દે છે તેનું ભાન ભુલાવી;
કૃપા કરી તે અરીને, પણ સંહાર શોરે.—સોંપું છું
અપરાધો સામું કદિ સ્વામી, જોશો નહિ શ્રી અંતર્યામી;
માત્ર તમારૂં બીરદ વિચારી, તારશોરે—સોંપું છું
તમ વિણ કોઇ નથી જગમાંહી, કરનારૂં ભગવાન સહાય;
માટે આ મમ માગણી, નહી વીસાર શોરે.—સોંપું છું;

(ભ૦ વિ૦ દેલવાડાકર)

હરીગીત—છંદ.

વૈરાગ્ય ભકિતજ્ઞાન કેરે મારગે પરવર સદા;
લાલચ વિષે લપટાઇને અથડા ન આડે ધડ કદા.
સમજાવ ઝટપટ જેમ સમજે તેમ કરી મુળ શાનને;
ભાણીભણુ હે ભ્રાત રીઝ્ય ભાવથી ભગવાનને. 1
આ છોટું ને આ મોટું આ ખોટું અને આતો ખરૂં,
આ શત્રુ ને આ મીત્ર છે આ માહરૂં આ તાહરૂં.

આ શુભ ને આ અશુભ એવા તજ હવે તોફાનને;
ભાણી ભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૨
નવમાસ જેણે જાળવ્યો જઠરાગ્નીમાં જુકતી કરી;
વળીરાખ્યું જનુનીસ્તનવીશે પયજન્મનીપહેલાંભરી
તેવા દયાળુ દેવના વીસરી ન જા નીશાનને;
ભાણી ભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૩
તે શેઠના પણ શેઠ વળી ભુપાળના ભુપાળ છે,
કર્તૃમ અકર્તૃમ અન્યથા કર્તૃમ જગતપ્રતી પાળછે
મેળવ કૃપાતું તેહની ધરી નીત્ય તેના ધ્યાનને;
ભાણી ભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૪
પ્રભુની કૃપાથી થઇ શકે વળી મુક્તસહુ પાપોથકી;
કાગળ જનમને મરણનો ફાટી જશે કહું છું નક્કી.
કરી મોહમમતા ત્યાગ સ્મરતે સર્વ સુખના સ્થાનને;
ભાણીભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૫
જળ બીંદુ પંકજ પત્ર પર જેવી રીતે સુકાય છે;
તેવી રીતે આયુષ્ય હે મન સર્વ ચાલ્યું જાય છે.
તન ધન અને જન બુદ્ધીબળનું છોડી દે અભીમાનને;
ભાણી ભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૬
પક્ષી પશુ જીવજંતુ દાનવ દૈત્યકે નરનારને;
દાનેશ્વરી કે દેવરૂષી મુની યોગીરાજ થનારને.

નથી છોડનારો કાળ ભુપતી રંકકે શ્રીમાનને;
ભાણીબહેનું હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૭
નહિ કોઇ આવે કામ તું ફાંફાં ન કામા મારમાં;
મશગુલથઇ આશા અમલમાં સમય શુભઆહારમાં
કર કમર કસી ખુબ યત્ન શીઘ્ર સુધારવા અવશાનને;
ભાણીબહેનું હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૮

(અબળા અરજ ઉરે ધરજો તમે—એ રાગ)

વનિતા વિનતિ છે મમ આટલી, પાળોપતિવૃત મુકી માનજો;
દુરાચારતજી ભાવેભજો, પતિને ગણી ભગવાનસમાનજો વનિતા. ૧
પરનર કરમાં કરનહીં આપ તો, હાંસી કરવી નહીંકો સાથ જો;
ગુરૂજનને ગમવું નમવું સદા, રીઝવવાખંતેનિજનાથ જોવનિતા. ૨
આડી નજરે કદી જોવું નહીં, કરવો નહીંકો સાથ વિરોધજો;
કડવાંવાક્યકદીવદવાંનહીંકરવોનહીં કિંચિતપણક્રોધજોવનિતા. ૩
ક્રોધી કામીકે પતી લંગડો, મુંગો કાણો અંધ ગમારજો;
રોગી આળસુ હોય છતાકદી તેનોકમીનકરવો પ્યારજોવનિતા. ૪
પરવરવું નહીં એકલડાં કદી, કરવો નહીં કુલટાનો સંગજો;
સતીઓનીસંગતનહીંમુકવી, આછાંવસ્ત્રનધરવાઅંગજોવનિતા. ૫
સુખ દુઃખ સહીને રહેવું સર્વદા, રાખી અંતરમાં સંતોષજો;
સમય પ્રમાણે ન્હેનો ચાલવું, ધરવો નહીં ઉરમાં કદીરોષ જો. ૬

જપતપ તીરથ વૃતકરવાંનહીં,પતિની આજ્ઞાવિણ ઉપવાસજો;
કરવાની ઇચ્છા જો હોયતો,લેવીઆજ્ઞા પતિનીખાસજોવનિતા. ૭
પતિના મિત્રો સંગેપતિ વિના કરવી નહીં એકાન્તે વાતજો;
બન્નેકુળનીલાજવધારવી, જાળવવીજુગતે નિજજાત જોવનિતા. ૮
ઉંચાસ્વરથી કદીનવ બોલવું, હળી મળી રહેવું સૌસંઘાતજો;
કરવી નહીપર નિંદાને વળી,આધીપાછીકોયનીવાતજોવનિતા. ૯
શીયળ વૃત છે ભુષણ તમોતણું, માટે પાળો આણી પ્યારજો;
એથી થાશે શ્રી ભગવાનની,તમપર કરૂણા પારાવારજોવનિતા.૧૦

(કર્તા—ભગવાનદાસ વિશરામ દેલવાડાકર.)

હોરી.

હઠ મેલ હવે તું હઠીલી એ—રાગ.

મન ભટકે છે સદાઇ, હરી, ભ્રમણામાં ભમાઇ. ટેક.
ચંચળતા જરી એ નથી તજતું,કરતાં ક્રોડ ઉપાઇ,
પાન વિષય વિષ કેરૂં કરેછે, લોભ વિષે લલચાઈ;
કરે છે અતિ મુર્ખતાઇ, મન ભટકે છે સદાઇ.
સારાસાર વિચાર કર્યાવીણ, કેવળ હે રઘુરાઇ,
નહી કરવાના કૃત્ય કરેછે, પશુવત્ નર ભવમાંહી;
વિવિધ વાસનાથી વીટાઇ, મન ભટકે તે સદાઇ.
જાપત મારો જપતાં જગપતી, જાયેછે શરમાઇ,

માનેછે ખટપટ માનેવળી, નિશદીન કથણી પરાઈ;
કથન કરવામાં વડાઇ મન ભટકે છે સદાઇ.
કહું છું વારંવાર છતાં નથી, તજતું તે અવળાઇ,
પાડેછે બહુ વાંધા વચકા, એથી ગયોછું મુંઝાઈ;
કરો ભગવાન સહાઇ, મન ભટકે છે સદાઇ.

રીતો નીતિ અને વિવેકના સાતવાર.

(રાગ—પત્રિકા)

સોમે સંપ સુયશ જગમાંય, ખુબ જમાવોરે;
ખાવા પીવાની ખંતમોજાર, તકન ગુમાવોરે.
મંગળે મોહને અભિમાન, મમતમારી નાંખોરે;
પતિ ઉપર પુરણ પ્રીત, નીરંતર રાખોરે.
બુધવારે બની બ્હેન શુદ્ધ, પતિ ધ્યાન ધરવુંરે;
કદિ એકલડાં ઘર બહાર, નહીં પર પરવુંરે.
ગુરૂવારે ગુરૂજન કેરૂં, માન વધારોરે;
કરિ કેવળ સ્વામિની સેવ, જીવન સુધારોરે.
ભ્રગુવારે નભ્રાંતિ લગાર, હૃદય મહીં આણીરે;
ભજો ભાવ થકી નિજનાથ, પ્રભુસમ જાણીરે.
શંદવારે મલીનતા દૂર, કરો તન મન નીરે;
કરો સતીઓની સંગત ખાસ, તજો દુર જનનીરે.
રવીવારે રહો સહુ સાથ, હળી મળી શાણીરે;
તજો વાદ વિવાદ પ્રમાદ, વદો શુભ વાણીરે.

શીખ આટલી અંતર માંય, ધરો તમે મ્હારીરે;
ભવતારણ શ્રી ભગવાન, થશે સહાય કારીરે.

ભ૦ વી૦ દેલવાડાકર.

ગરબી.

આવો આવોરે ભાઈઓ બેન, સુખ સાંચાં લઇએ;
ધાવો ધાવોરે પ્રભુ સુખદેન, સુખ સાંચાં લઇએ. ટેક.
આપણે કાજે શ્રી જગરાજે, દીવ્યદેહ છે ધારીરે;
આપણને દેખાડી આપે, પવિત્ર પ્રીતવધારી સુખ.
આપણને એણે સંભળાવ્યાં, બહુ ચરીત્ર અઘહારીરે;
તે સંભારી હાં મનહારી, ગાઈએ ગુણલલકારી સુખ.
સોના સરખાં સૌએ પરખ્યાં, સગાસ્નેહી સુખકારીરે;
સૌ સૌને માટે વીનવીએ, ઉપકારો સંભારી સુખ.
સુણે સરવનું મનને વરતે, એવા અનુના દેવારે;
મહા ભાગ્યથી લાગ મળેછે, કરવાતેની સેવા સુખ.

અનંત પ્રસાદ ત્રીકમલાલ વૈષ્ણવ

" (મારા સમ ક્યારે મળશેઃ એ ઢબ) "

ગાવું ગાવું ગાવુંરે સીતારામ તણા ગુણ ગાવું,
શ્રી હરીને સેવક થાવુંરે—સીતા૦
નીર અભિમાને નામજ રટશું, ભુધરને મનભાવુંરે—સીતા૦

મોટપમાં મરવું નથી મારે, નથી જ્ઞાની માંગણાવું રે—સીતા૦
બીજા જનને બહુ આગ્રહથી, નથી બોલાવા જાવું રે—સીતા૦
જ ન બીજાછો બડબડ કરતાં, નથી તે સામાંથાવું રે—સીતા૦
સત્ય મનેથી સમરણ કરશું, નથી ભુંડપમાં ભરાવું રે—સીતા૦
સુખકર સંતોષેજ સમાશું, નથી તૃષ્ણા નદીમાં તણાવું રે—સીતા૦
અંતે અમૃતના ફળ પામું, તેવાં વૃક્ષો વાવું રે—સીતા૦
કદીપણ ટૂક થકી નહિ ટળશું, હવે નહીં જગતહસાવું રે—સીતા૦
શ્રી હરીનામ સુખદ સરવેથી, સમરૂંને સમરાવું રે—સીતા૦
પ્રીત ધરી પ્રભુના ગુણ ગાશું, જગથી નહી શરમાવું રે—સીતા૦
નીત પ્રીત નૌતમ ભાવ ધરીને, ભકિત ગંગામાં નાવું રે—સીતા૦
અમને એક કામછે મોટું, હરીરસ પીવુંને પાવું રે—સીતા૦
ચરવર વીનય વડે સરવેને, વાણી એજ વદાવું રે—સીતા૦

(શ્રી " પ્રભુપદાવલી ")

(સરવે તજીને ભજીયે શ્રી ગોવિંદનેએ ૩ બઃ)

સરવથકી મોટા જગમાં સત સંગછે;
અનેક જીવોનો ઉધારણ હારજો—સર્વથકી.
પ્રેમવડે માણી જોતે પંથે ચડે;
તોતે અંતે પહોંચે પહેલે પારજો—સર્વથકી.
બાણાસુર વૃત્રાસુર વૃષપર્વા સહી;
બલી પ્રહલ્લાદ વિભીષણ સર્વ અસુરજો—સર્વથકી.

પ્રાપ્ત થયા પ્રભુજીને સંતસંગથી;
સરવે સાધનમાં એ સાધન સુરજો—સર્વથકી.
અથ સુગ્રીવ રૂક્ષપતીને હનુમાનજી;
ગજ ગણીકાને ગીધ વ્યાધ્ર અંબવતંજો—સર્વથકી.
તુલાધાર કુબ્જાને વૃજની ગોપીઓ;
પશુ જેવા પણ પામ્યા શ્રી ભગવાનજો;—સર્વથકી.
યજ્ઞવંત બ્રાહ્મણની વનીતા ઓ તરી;
તજી ધર્મની મર્યાદા તે નારજો—સર્વથકી.
પશુ પક્ષી વન વૃક્ષ લતાને ઓષધી;
પાષાણોને કીધાં પલમાં પારજો—સર્વથકી.
વેદતણા ભેદોને નહોતા જાણતા;
સાંખ્ય યોગનું ન મળે એક નામજો—સર્વથકી.
જપ તપ યજ્ઞ વૃતાદીકથી અળગાં સદા;
સંત સંગથી પામ્યા શ્રી હરી ધામજો—સર્વથકી.
સંત તણી સંગતતે સંગત માહેરી;
ભાખ્યું છે મુખથી પોતે ભગવાનજો--સર્વથકી.
ઉદ્ધવને એકાદસમાં કૃષ્ણે કહ્યું;
સંત રૂપ હું છું એ સમજો સાનજો—સર્વથકી.
સંતસંગે અનુસરજો ઉદ્ધવજી તમે;
રાખીમુજ વચનોમાં અતી વિશ્વાસજો—સર્વથકી.

ભાવ ભક્તિથી અનન્ય થઈ આરાધજો;
અંતે થાશે શ્રી વૈકુંઠે વાસજો--સર્વથકી.
ચરવર સંત સંગી થઇ રહે સતસંગમાં;
શ્રી પ્રભુજીનો દીન થઇને દાસજો--સર્વથકી.
સંત પુરૂષના ચરણ કમલને સેવજે;
જ્યાં સુધી છે તુજકાયામાં શ્વાસજો--સર્વથકી.

"દોહા"

બીન સંતસંગ ભકિત નહીં, તેહી બીન દ્રવ્યહીન રામ;
રામકૃપા બીન જીવકોના, સ્વપ્ને લહે વીશ્રામ.
શઠ સુધરહી સતસંગતી પાઇ પારસપરસી કુધાતુ સહાઈ;
વીધીવસ સુજન કુસંગતી પરહી કુલીશ સમ નીજ ગુણ--
અનુંસરહી.

। પદ ।

ઘેલી મુને કીધી શ્રી રામજી રંગીલે,
હૃદય બાણ મેલ્યાં તે પ્રેમ સંગીલે.--ટેક.
એકદીન ઝરૂખે જઇને હું તો બેઠી,
હાંરે મોગ જોગે નજર ગઈ હેઠી--ઘેલીમુને.
જોઇ જુગલ જોડીને મનડું થો ભાણું,
હાંરે શ્યામ રૂપપર લોચન લોભાણું;
હારે લોક લજ્યા એ બળે કરીતાણું રે.--ઘેલીમુને.

વ્હાલે મારે પીળું પીતાંબર પહેર્યું,
હાંરે તેની ચટકતી ચાલે દીલ ઘેર્યું;
હાંરે ડાબે સ્કંધે છે સુત્રની સેર્યું.—ઘેલીમુને.

હાંરે નાના સુના ધનુષ ધર્યા હાથે,
હાંરે બાંહ્ય સોહે બાજુબંધ સાથે;
હાંરે પાઘ પચરંગી બાંધીછે નાથેરે.—ઘેલીમુને.

હાંરે કર્ણ કુંડલમાં હીરલાની જ્યોતી,
હાંરે વાળાગુચળામાં શોભે છે મોતી;
હાંરે વારે વારે નીહાળો હું તો જોતીરે.—ઘેલીમુને.

હાંરે હૈયે હાર હાટકના રાજે,
હાંરે મુકતા મણીયો તે મધ્ય મધ્યછાજે;
હાંરે રૂપ જોઇને મનમથલાજેરે—ઘેલીમુને.

હાંરે લીલમ પોંચી પહેરી છે પાતલીયે,
હાંરે વેઢવીંટો ધર્યોછે આંગળાયે;
હાંરે વેણી ગોફણુ બાંધીછે સાંકળીઅેરે—ઘેલીમુને.

હાંરે જોઇ રૂપ અનોપમ એવું,
હાંરે લાગ્યો પ્રેમતે કોની આગળ કહેવું;
હાંરે થાય દુઃખ વિરહનું તે સહેવુંરે—ઘેલીમુને.

હાંરે પ્રભુ દુઃખ દાસીનું નીવારો,
હાંરે દર્શ દેવાને પ્રેમે પગ ધારો;
હાંરે કહે ભાણી જેમતેમ કરી તારોરે—ઘેલીમુને.

(ભક્તિ સરસોપાન)

ભજન.

તુલશીકી, તુલશીકી, તુલશીકી, માળા લેજો. (૨)
બેઠી જપું હરીનામ, તુલશીકી માળા લેજો.
રામ જપનકું તુળશીકી માળા,
ઓઢનકું મૃગછાલા કે માળા લેજો.
જગત રૂઠે મેરા કાંઇ નાહીં બીગડે,
રામ રૂઠે બેહાલાકે માળા લેજો.
ચંદ્ર સખી ભજો પ્યારે મોહના ચરણ કમલચીત રહેજો,
કે માળા લેજો. તુલશીકી (૩)

ધુન

રાધે રાધે ગોકુલમાં ગોવિંદ રાધે,
રાધે રાધે ગોકુળમાં ગોવિંદ રાધે.
નાના નટવર રાધા કૃષ્ણ નાના નટવર રાધા કૃષ્ણ.
હો મારા નાથ રાધા કૃષ્ણ, હોમારા નાથ રાધાકૃષ્ણ.
હો રઘુનાથ પકડો હાથ, હો રઘુનાથ પકડો હાથ,
અહલ્યાના ઓધારણનાથ, અહલ્યાના ઓધારણનાથ
પતીત કેરા પાવન નાથ, પતીત કેરા પાવન નાથ,
જાનકીજી કે પ્યારે નાથ, જાનકીજી કે પ્યારે નાથ.
દશરથકે દુલારેનાથરાધે રાધે ગોકુળમાં ગોવિંદરાધે,
રાધારમણ ઉરનાહાર, ગીરધર લાલ ગોપાળ.
જશોદા પ્રાણ આધાર નટવર નંદ કુમાર,
ગોવિંદ લાળ ગોપાળ નરસંગ લાળ દયાળ.
રાધારમણા ઉરના હાર ગીરધર લાળ ગોપાળ,

। ભજન. ।

લટકાળી છબી (૨) મારે હૈયે વસો લટકાળી છબી ટેક.

સાખી

મોર મુગટ ધર પીતાંબર ધર પહને પુરઝણકાર,
બાંહે બાજુ કંઠે કૌસ્તુભ તેજ તણો નહિ પાર—લટકાળી

સાખી

કાને કુંડળ નાકે મોતી ઉરગજ મુકતા હાર
વનમાળા ચરણો લગી લાંબી ભ્રમર કરે ગુંજાર—લટકાળી

સાખી

શ્યામ સુંદર મદન મનોહર રસીલું મુખડું જોઇ
અણીયાળી કરૂણાળી આંખડી દુઃખડાં નાખ્યાંખે ઈ—લટકાળી

સાખી—મધુરી મોરલી અધર ધરીછે સપ્ત સુરે કરીસાન
લલીત ત્રીભંગી વ્હાલો ઉભા, કરે વેદનું ગાન—લટકાળી

સાખી—વામ અંગે શ્રી શ્યામની ઉભા રૂપ તણો ભંડાર
જુગલજોડીનું રૂપ નિહાળી દાસ જાય બલીહાર—લટકાળી

નરતનપામી, અંતરયામી, આતમરામ જાણોરે.—એ રાગ

મુરખ મનવા કહુશું તુજને, અક્કલ લેશનાવીરે;
અક્કલ લેશ નાવીરે, સમજણ લેશનાવીરે—મુરખમનવા. ૧
ગર્ધવની માફક ભટકેછે, કેવળ જુગમોઝાર,
પુરણ પડેછે મારછતાં નથી, આવતી શરમલગાર—મુરખમનવા. ૨

વિષ્ઠાને તું ગ્રહણ કરેછે, ત્યાગી શુભ પકવના;
ઉત્તમ ગંગાજળને બદલે, કરે મદીરા પાન—મુરખમનવા. ૩
પારસ મણીને ફેંકી કંકર, ઝાલે છે કર માંય;
સાચાને ખોટાની પડતી, નથી પરિક્ષા કાંય—મુરખમનવા. ૪
પરનીંદામાં મસ્ત રહેછે, ભુલીને નીજવાત;
ખેલ વિવિધ ખેલે છે અંતે, ષડશત્રુ સંઘાત—મુરખમનવા. ૫
વસ્તુ ગુમાવે છે તું સાચી, કરી વીષય વેપાર;
જવાબ દેવો પડશે તેનો, કરતું નથી વિચાર—મુરખમનવા. ૬
આશા તૃષ્ણાને આધીન થઇ, કુડા કરેછે કામ;
કાયરતા આવે છે ભારે, સ્મરતાં સીતારામ—મુરખમનવા. ૭
ફાંફાં ફોગટ મારી મારા, તારામાં બહુ વાર;
મોંઘું માનવ તન ધુળધાણી, કીધું છેકગમાર—મુરખમનવા. ૮
હજુ પણ તરવું હોયે તો છે, અવસર હેનાદાન;
સર્વ પ્રપંચ તજીને સત્વર, ભજ ભાવે ભગવાન—મુરખમનવા. ૯

મન તું ગમારથામાં, દોષમાંદબાઇ જામાં—એ રાગ

અન્ય ન ઉચાર વાણી, ભજ ભગવાન પ્રાણી,
તન આ મળ્યું મજાનું, સાજ સુખનો સજયાનું.
કરનહિ ધુળધાણી, ભજ ભગવાન પ્રાણી—૧
કાળની ગતીછે ન્યારી, માટે કરીલે તૈયારિ,
કરવા ખરી કમાણી, ભજ ભગવાન પ્રાણી—૨

બાળ વૃદ્ધને જુવાની, સુખ દુઃખ લાભહાની,
સરવ સમાન જાણી, ભજી ભગવાન પ્રાણી-૩
પુર પહેલી પાજ બાંધી, લહે નિજ સ્વાર્થ સાધી,
ઢોળ તું વૃથા ન પાણી, ભજ ભગવાન પ્રાણી-૪

પદ

હવે હદ થઇ મનવા મુક, ફેરા ફરવાનું;
આટાણું નાહ તું ચુક, ભવજળ તરવાનું. ટેક.
ઝાકળના જળબીંદ જેવો, જગત તણો છે ખેલરે;
આમારૂં આતારૂં એવી, મીથ્યા ભ્રાંતીમેલ-ફેરાફરવાનુ ૧
રઘુ દીલીપ દુર્યોધન રાવણ, સરખા રાય અનેકરે;
આવ્યા તેવા ગયા મુકીને, સઘળું એકાએક-ફેરાફરવાનુ ૨
જન્મ મર્ણની છે હે બંધુ, અતિ દુસ્તર ઘટ માળરે;
તેમાંથી બચવાનાનથી હો,રંક અગરભુપાળ-ફેરાફરવાનુ ૩
ગર્વ તજી કાયા માયાનો, સ્મર શ્રી દીન દયાળરે;
ભાણીકહેઅળગુંથઇજાયે,બંધનતુજતત્કાળ-ફેરાફરવાનું ૪

૧૪૧

અરે સું સમજ્યો વૈષ્ણવ થઇ, અવિદ્યા જો અળગી નવ ગઇ.
જ્ઞાન વૈરાગ્ય ગમે નહીં ગાતાં, રાસ કથામા રસીયા;
કામ ક્રોધ, મદલોભ ગર્વછળ, અંતરથી નવખસીયા-અરે૦
તનમનધન દારા ઘર તારૂં, બ્રહ્મ સમર્પણ કીધું,
પાપ કર્મ તો પામર જીવડે, પોતે માથે લીધું-અરે૦

હીંગ તજે પણ હરામ ન તજે, નિરખે કોઈ પરનારી,
લસણ તજે પણ લાંચ ખાયછે, ન તજે ચોરી જારી—અરે૦
જરને લોભે જુઠા સોગન, ખાતાં પણ નથી ડરતા,
જુઠી સાક્ષી જાય પુરવા, ઝટ ઉપાડે ગીતા—અરે૦
છાપ તિલક તાણીને અંગે, મંડલીઓમાં મહાલે,
ગુપ્ત ઘાત અંતરમાં રાખી ધણાકના ઘર ઘાલે—અરે૦
એકાદશીનું વ્રત આચરે, ફરાળ સારૂં ફાકે;
ઉપર ચોખા અંતર મેલા, પરધન હરવા તાકે—અરે૦
એક પ્રભુને ઉરમાં ધારી; પરમારથ આચરવું,
નીતિનો મારગ ઝાલીને, ભાળી ડગલું ભરવું—અરે૦
એમ વિચારી જે જન ચાલે, ધર્મ તેમનો સાચો,
કહે છોટમ પરપંચી મારગ, જાણો સર્વે કાચો—અરે૦

તાદ્રશીય વૈષ્ણવનું ધોળ ૭ મું.

તાદૃશીય જન જેને જાણીએ રે, જેમાં એવા ગુણ હોય,
નીંદા સ્તુતિ કોઇની નવ કરે, સઘળું સમ દૃષ્ટી જોય.
તાદૃશીય. ૧

જેના દરશન માત્રથી રે, ટળે પ્રપંચનું ધ્યાન,
સ્મરણ કરાવે શ્રીકૃષ્ણનું, નસાયે અઘ અજ્ઞાન. (૨)
તાદૃશીય. ૨

ગુણ ગાએ ગોવીંદના રે, પુલકીત તન થાય,
નેત્ર પ્રવાહ વહે પ્રેમના, હરખે હૃદય રૂંધાય. (૨)
તાદૃશીય. ૩

પરદુખે હાઝે ઘણાં રે, ન કરે કોઇનો દ્રોહ,
ઇંદ્રી જીત સાચા સગા, ન પામે માયામાંમોહ. (૨)
તાદૃશીય. ૪

સકળ ચરાચરને વિષેરે, વશ્યા દેખે ભગવાન,
શુભ ઇચ્છે સર્વ જગતનું, લેશ નહીં અભિમાન (૨)
તાદૃશીય. ૫

સઘળી લીલા અવિનાશની રે, જેમાં લુબ્ધજેનું મન,
પ્રીતિ બહુ પર ઉપકારમાં, સદા પ્રસન્ન વદન (૨)
તાદૃશીય. ૬

નટવર ઝલકે નેનમાં રે, કાંત કરૂણામે હોય,
શ્રત ભાવ સંતોષ બહુ, દોષ કોઇનો ન જોય (૨)
તાદૃશીય. ૭

વહાલા લાગે છે સરવને રે, અતિઉદાર જેનું ચિત્ત,
અનન્ય ભાવે ભજે શ્રીકૃષ્ણને, જેને વહાલું નહિ વીત.
તાદૃશીય. ૮

હરિ ગુરૂ વૈષ્ણવને વિશેરે, સદા અતી ઘણા વહાલ,
દઢ આશરો અરૂ દીનતા, બોલે વચન રસાલ (૨)
તાદૃશીય. ૯

સેવા સ્મરણ સતસમાગમને વિશેરે, જેની આશકિતઅનંત,
કપટનો લેશ નહીં રૂદિયા વિષે, જેનું હરી ચરણે ચિત્ત. (૨)
તાદૃશીય. ૧૦

વિઠ્ઠલતા શ્રીવિઠ્ઠલેશસુરે, મુખે શ્રીકૃષ્ણનું નામ,
એવા ભગવદીયના દાસના, હરિદાસ ગુણ ગાય (૨)
તાદૃશીય ૧૦

ધોળ ૯ મું.

સર્વે તજીને ભજી લે શ્રીગોવિંદને,
જેનારાયણ નોધારાનો આધારજો.
ભાગે સંકટ કુડાંરે સંસારનાં,
તેનાં નામ થકીતો ઉતરિયે ભવપારજો સર્વતજીને ૧
અપરમાને વચને ધ્રુવજી વન સાંચર્યા,
નારદજીએ દીધો છે ઉપદેશ જો.
જ્ઞાન દૃષ્ટિ વૈરાગ્ય તે મનમાં આણિયાં,
હરિ ભજીયા તેણે જઇ બાળે વેશજો સર્વ તજીને ૨
દૈત્ય પુત્ર પ્રલ્હાદજીને આગે થયા,
લાગ્યો છે કાંઇ પિતા પુત્રનો વાદ જો.
સ્તંભથી પ્રગટયા રે નૃસિંહ રૂપથી,
શ્રીમહાપ્રભુજીયે દીધો તેને સાદજો સર્વ તજીને ૩
લાખા ગ્રેહેમાં પાંડવને વળિ આવિયા,
ભકત જનને દીધી છે ઘણી ધીરજો.
સ્મરણ પહેલાં આવ્યા છો તમે સદા,
ભકત જન ઉગાર્યા પાંચે વીર જો સર્વ તજીને ૪

સુદામાનું દારિદ્ર જાણ્યું ધણું,
મુષ્ટિ એક તાંદુલ આરોગ્યા મહારાજ જો.
એમ દાસ દયાનો પ્રભુજી કરૂણા કીજીયે,
ભકતજનનાં કીધાં કોટીધા કાજ જો સર્વ તજીને ૫

ધોળ.

કોઈ મને કૃષ્ણ દેખાડોરે શ્રીગોકુળમાં, કોઇ મને પ્રભુજી મેળાવોરે મધુવનમાં, મેરી મતી હરી તેરા મર્મ ન જાણે, વનમાં ફરે વ્હાલો તનમારે મધુવનમાં કોઇ મને. ૧ સકળ બન ઢુંઢયું સકળ વ્રજ ઘેર્યા, અતીરે ઉદાશી મારા તનમાંર મધુવનમાં કોઇ મને ૨ અમર ચીર પેહેર્યાં મેધાડંબર ઓઢયાં, ફુલડાં વિણતી બાગનમાંરે મધુવનમાં. કોઇ મને ૩ ફાટયા ચીર ને હાર મારા ડુટયા, નિર ભરાયાં લોચનમાંરે. મધુવનમાં કોઇ મને. ૪ સુરદાસ કહે પ્રભુ તીહારે મીલનકું, અતીરે ઉલટ મારા તનમાંરે મધુવનમાં. ૫

ધોળ ૬૧ મુ.

ભુલમાં ભુલમાં ભુલમાંરે.
શ્રીવલ્લભ પ્રભુને હવે ભુલમાં.
સદા સ્મરો શ્રીવિઠલવર સુંદર.
પ્રભુ પ્રગટયા છે બ્રહ્મ કુળમાંરે. શ્રીવલ્લભ ૧

એહના સાત કુંવર સુખદાતા,
વસે હરી વસુધાના સ્થુલમાં રે. શ્રીવલ્લભ ૨
અધિક અધિક પ્રતાપ પ્રભુ પૂરણ.
લીલાપતિ અખંડ અમુલ્યમાંરે. શ્રીવલ્લભ ૩
સહુ શરણે જઇ સમર્પણ કીધું.
પામ્યો રસ અમૃત અધર રે. શ્રીવલ્લભ ૪
કઇ કાલ વિત્યા હમણાં પદ પામ્યો
હવે રહેને હરિની હજુરમાં રે. શ્રીવલ્લભ ૫
પુષ્ટિમાર્ગ પદ પુન્ય કરી પામ્યો.
હવે શું મોહયો છું રંગકુડમાં રે. શ્રીવલ્લભ ૬
અમૃત રસ તુને અઢળક આપ્યો.
ઢોળેછે શીદ હવે ધુળમાં રે. શ્રીવલ્લભ ૭
નિત્યપ્રતિ આનંદ સત્સંગ કરીયે.
નમીયે શ્રીનંદકીશોરમાં રે. શ્રીવલ્લભ ૮
દાસ ગોવર્દ્ધન અધમ તમારો.
રાખો ચર્ણ રજનોરમાં રે શ્રીવલ્લભ ૯

ધોળ ૧૧૫ મું.

શ્રીવલ્લભ શ્રીવિઠલ શ્રીજી.
શ્રીયમુના શ્રીનવનિતપ્રિયાજી.
સેવા કરો આનંદમાં ભીંજી તો.
રીઝશે શ્રીગોપીપતિજી. ૧

દૃઢ આશરો શ્રીમહાપ્રભુજીનો રાખો.
અષ્ટાક્ષર નિશદિન મુખે ભાખો.
અણુસમર્પિત વસ્તુ રખે ચાખો તો.
રાખજો ગુરૂ ચર્ણે માતિજી. ૨
ભગવદીઓનો સત સંગજ કરજો.
દયા સર્વે કોઇ ઉપર ધરજો.
વૈષ્ણવની રીતે અનુસરજો. ૩
તો ધરજો ટેક ધણી એકનોજી.
હરિ ગુરૂ વૈષ્ણવ સરખા લેખો,
ભિન્નભાવ હૃદે નવ દેખો.
દાસપણું ત્રણેનું ગ્રેહજોતો.
તન મન ધન વિવેકશુંજી. ૪
પ્રફુલ્લિત મને હરિના ગુણ ગાજો.
કપટદંભથી અળગા રહેજો.
દુષ્ટ સંગ થકી દુર પળાજોતો.
ન્હાજો પહરજ હરિ ભકતમાંજી. ૫
દિન ભાવ અંતરનો સ્નેહી.
પ્રભુ પ્રસન્તાનું કારણ એહી.
નીરચે માનજો નહી સંદેહી તો.
દેહ દમો શા કારણેજી. ૬

મનુષ્ય જન્મ મહા દુર્લભ જાણો.
તેથી દુર્લભ હરિના ચર્ણ વખાણો.
એ બે પામી સેવા રસ માણો.
તો જીવ્યા જગતમા જાણજો. ૭
શ્રીવલ્લભ પ્રભુ મહારા સ્વામિ.
પ્રાણજીવન ધન્ય અંતરયામી.
અક્ષર બ્રહ્મતણા એ ધામી તો.
દાસ દયો જાય વારણેજી. ૮

આરતિ (૧)

જય જય શ્રીજમુના મા. (૨)
જોતાં જન્મ સુધાર્યો, ધન્ય ધન્ય તમો જમના. જય જય. ૧
શામલડી સુરત મુરત માધુરીમા. પ્રેમસહિતપટરાણી.
પરાક્રમ પુરા મા; જય જય ૨
ધેવર વન ચાલ્યા મા (૨) ગંભીરે ઘેર્યાં મા (૨)
ચુંદડીએ ચટકાલાં પહોર્યાંને લ્હેર્યાં, જય જય ૩
ભુજ કંકણ રૂડાંમા. (૨) ગુજરીયા ચુડીમા (૨)
બાજુ બંધને બેરખા. પહોંચી રત્નજડિત. જય જય ૪
ઝાંઝરને ઝમકેમા. (૨) વિંછીયાને ઠમકે મા. (૧)
નુપૂરને નાદે મા ઘુઘરીને ઘમકે. જય જય ૫

સોળે શણુગાર સજ્યા મા. (૨) નક વેસર મોતીમા. (૨)
આભરણમાં ઓપો છો. દરપણ મુખ જોતાં જય જય ૬
તટ અંતર રૂડાં મા. (૨) શોભિત જળ ભરિયાંમા. (૨)
મનવાંછીત મોરલીધર. સુંદર વર વરીયા. જય જય ૭
લાલ કમલ લપટાણા (૨) જોવાને ગયાંતા મા. (૨)
કહે માધવપરિક્રમા. વ્રજની કરવાને ગયાંતા. જય જય. ૮

પદ

સંતનકે સંગ લાગરે, તેરી આછી બનેગી (ટેક)
હંસનકી ગતિ હંસહી જાને, કોઇ ન જાને કાગરે—તેરી—સંત.
સંતનકો સંગ પૂર્ણ કમાઇ, હોઇ બડો તેરો ભાગરે—તેરી—સંત.
ધ્રૂકીબની પ્રલ્હાદકી બનગઇ, હરિસ મરણ વૈરાગરે—તેરી—સંત.
કહત કબીર સુનો ભાઇ સાધુ, રામ ભજનકો લાગરે—તેરી—સંત.

પદ

કોઇનો ભારનરાખે મોરારી, આપેંવ્યાજસહીત ગર્થે વાળી (ટેક)
સુદામા જીના તાંદુલ લીધા, તેના મોલ કન કનારે કીધા.
દ્રૌપદીજીનું આવ્યુંરે ટાણું, ચીર પૂર્યાં તે નવસે નવાણું,
પાટો બાંધ્યો તે પીડારે જાણી, ચીર પૂર્યાની એ એંધાણી.
થોડું ચંદન કુબજાનું લીધું, એને રૂપ અનુપમ દીધું,
ગોવાળીએ ઓછવ કીધો, વહાલે કરપર ગોવર્ધન લીધો.
જેનું લીધું હતું તેનું દીધું, તેમાં પરમારથ તેં શું કીધું !
ધન્ય ધન્ય નરસિંહાતારી વાણી, એમ બોલ્યાતે સારંગ પાણિ.

સ. ૧૯૬૩ ની સાલથી ૧૯૬૬ ની સાલ સુધીમા શ્રીમંડળ તરફથી શ્રીરામચંદ્રજીના મંદીરમાં અરપણ થલેલી

ચીજો.

૧ બાઇ ગોદાવરી બાઇ તરફથી મુકુટજરીના
૨ બાઇ દીવાળીં બાઈ તરફથી કાચનો બંગલો
૩ એક લુવાણાહરી જન તરફથી સોના નીધાણાપરાની સાંકળી એક સરની.
૪ બાઇ જીવીબાઈ તરફથી વસ્ત્રો સોનેરી લપેટાના
૫ મંડળ તરફથી રૂપેરી સાચા લપેટાના વસ્ત્રો
૬ મંડળ તરફથી શામ વસ્ત્રોનો સાજ
૭ બાઇ મુળીબાઇ તરફથી ચાંદીના સોનેરી ગીલીટવાલા મુકુટ
૮ મંડળ તરફથી ચાંદીની વાંટકી
૯ મંડળ તરફથી ચાંદીની ઝારી
૧૦ બાઇ રાધાબાઇ તરફથી લીલાતા સનાવસ્ત્રો
૧૧ બાઇ જમનાબાઈ તરફથી કારચોબીના વસ્ત્રો
૧૨ બાઈ મણીબાઇ તરફ કેસરીતા સનાવસ્ત્રો
૧૯૬૫ થી સ્ત્રીમંડળના નીરાશ્રીત ફંડમા ભરાએલી રકમ

રૂ. ૧૦ શેઠ હરજીવનદાશ મેઘજી તરફથી તેમના પુત્ર વધુના
શ્રીમંત ઉત્સવે.

રૂ. ૧૧ શેઠ જગજીવન લવજીની પુત્રીઓના લગ્ન ઉત્સવે

રૂ. ૫ શેઠ દેવીદાસ ઓણાભાઈની પુત્રીના લગ્નના ઉત્સવે

રૂ. ૧ સોની નાનજી લાખા

રૂ. ૧૧ શેઠ દુલ્લભદાસ મોરારજીના પરમાર્થની મીતે

રૂ. ૫ બાઇ ગોદાવરી નારણજીના પરમાર્થની મીતે

રૂ. ૨ ભાણી બાઇ ગીગાભાઈ ઉત્સવ પ્રસંગે

રૂ. ૫ શેઠ કેશુરદાસ પરમાનંદદાસના પત્નિના શ્રીમંત ઉત્સવે

શ્રી સદ્ધર્મ સુબોધક સ્રીમંડળ તરફથી પ્રસીદ્ધ કરવામાં આવે લાં પુસ્તકો તથા ભેટ મળેલા પુસ્તકો.

આ પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો નામ	પ્રત.	
૧ જ્ઞાન બીંદુ ભાગ ૬	૧૦૦૦	ઠ૦ વાલજી ભાણજી તેના પુત્રી ભનીબાઇના લગ્ન પ્રસંગ.
૧ વિઘ્ન નિવારણ	૧૦૦૦	શેઠ લખમીદાસ વણારસી
૧ સુબોધમાળા	૧૦૦૦	લ. શેઠ ચત્રભુજ ભાઈચંદ તરફથી
ભકિતરસ બીંદુ		ભાટીયાબાઈ લક્ષમીબાઇ તરફથી

ભેટ આવેલ પુસ્તકો	પ્રત.	નામ
૧ શ્રી હરિ ચિંતનિકા	૮૦૦	દુલભદાસ ખોડીદાસ
૧ ભજન સંગ્રહ	૫૦૦	વૈદ્ય અમરચંદ માધવ
૧ પદ કુસુમાવલી	૫૦૦	ઠ. હરજીવન મેઘજી
૧ સદબોધ સંગ્રહ	૫૦૦	ઠ. હરજીવનદાસ મેઘજી
૧ પ્રભુ પદાવલી ભાગ ૩	૫૦૦	શેઠ ધર્મશીપીતાંબર તઃ

ભક્તિરસબીંદુ નામના પુસ્તકનો તમામ ખર્ચ ભાટીયા બાઇ "લક્ષ્મીબાઇ" એ વિદ્યોત્તેજક કાર્યાર્થે આપ્યો છે

આવા શુભ કાર્યાર્થે મદદ કરવા માટે

પ્રભુ તેમની બુદ્ધિ નિર્મલ કરો ! ! ! અસ્તુ ! ! !

ભાણીબાઇ ગીગાભાઇ